# પરાજયના પગલે પરેશ ધાનાણી-અમિત ચાવડાના રાજીનામા

અમદાવાદ, તા. ૨

ગુજરાતની જિલ્લા પંચાયત, નગર પાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસનો કારમો રકાસ થયો છે. રાજ્યની પ્રજાએ કોંગ્રેસને જાકારો આપ્યો છે. ત્યારે આ વચ્ચે ગુજરાત કોંગ્રેસમાંથી ચોંકાવનારા અહેવાલો સામે આવ્યા છે. જેમાં કોંગ્રેસના બે નેતાઓએ હાર સ્વિકારીને રાજીનામું આપ્યું છે. અમિત ચાવડા અને પરેશ ધાનાણીએ રાજીનામું આપ્યું છે. તેઓ ચૂંટણીમાં હારની જવાબદારી સ્વીકારી છે. કોંગ્રેસ હાઈકમાન્ડને તેઓએ રાજીનામાં મોકલ્યાં છે.તેવામાં કોંગ્રેસના દિગ્ગજ નેતા પરેશ ધાનાણી અને અમિત ચાવડાએ હારની જવાબદારી સ્વીકારી છે. આ સાથે જ તેમણે રાજીનામુ આપવાની જાહેરાત કરી છે. મોડેથી મળતા અહેવાલો અનુસાર કોંગ્રેસ કેન્દ્રીય મોવડી મંડળે બન્ને હોદેદારોના રાજીનામા સ્વિકારી લીધા હોવાનું જાણવા મળ્યું છે,

ખેડબ્રહ્મા કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિન કોટવાલના પુત્ર યશ કોટવાલની વિજયનગર તાલુકા પંચાયતમાંથી હાર થઈ છે. સોજીત્રા કોંગ્રેસ ધારાસભ્ય પૂનમભાઈ પરમારના પુત્રની તારાપુર તાલુકા પંચાયતની મોરજ બેઠક પરથી હાર થઈ છે. ખંભાળિયાના કોંગ્રેસનાં ધારાસભ્ય વિક્રમ માડમના પુત્ર કરણ માડમનો દ્વારકા જિલ્લા પંચાયતની ૧૯ સોજિત્રા બેઠક પર પરાજય થયો છે.

તેમણે કોંગ્રેસ હાઈકમાન્ડને રાજીનામા મોકલ્યા છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જે રીતે કોંગ્રેસે એક પછી એક જે રીતે હારનો સામનો કરવો પડી રહ્યો છે તેને જોતાં આ રાજીનામા પડ્યા છે. હાલની ચૂંટણીમાં ભાજપે ૨૦૧૦નું પુનરાવર્તન કર્યુ છે. ૨૦૧૦માં ભાજપ ૩૦ જિલ્લા પંચાયત જીત્યો હતો. જ્યારે એક અન્યને મળી હતી. વિધાનસભામાં વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીના મત વિસ્તાર અમરેલીમાં પણ ભાજપ જીત તરફ છે. જ્યારે કોંગ્રેસનો રકાસ થયો છે. જ્યારે આણંદ, અમરેલી, સાબરકાંઠા, જામનગર જિલ્લા પંચાયતમાં પણ કોંગ્રેસ પરાજય તરફ છે. આમ કોંગ્રેસના દિગ્ગજો એવા ધાનાણી, અમિત ચાવડા, ભરતસિંહ, અશ્વિન કોટવાલ અને વિક્રમ માડમના ગઢમાં ગાબડાંઓ પડ્યા છે.

ગુજરાત કાંગ્રેસના ૩૨મા પ્રમુખ તરીકે હાલ ઈશ્વરસિંહ ચાવડાના પૌત્ર અને ભરતસિંહ સોલંકીના પિતરાઈ ભાઈ અમિત ચાવડા સુકાન સંભાળી રહ્યા છે. જોકે તેમના નેતૃત્વમાં ઘણા ધારાસભ્યોએ કોંગ્રેસ છોડી ભાજપાનો ખેસ ધારણ કર્યો છે. વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચુટણીમાં કારમો પરાજય થયો અને ત્રણ પેટાચૂંટણીમાં પણ રકાસ જોવા મળ્યો. છેલ્લે યોજાયેલી આઠ વિધાનસભાની પેટાચૂટંણીમાં કોંગ્રેસને સમ ખાવા એકેય બેઠક ન મળી. ત્યારે અમિત ચાવડા અને પરેશ ધાનાણીએ હાઈકમાન્ડ સમક્ષ રાજીનામુ ધર્યુ હતું. હવે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ પણ કોંગ્રેસના ભૂંડા રકાસ બાદ પરેશ ધાનાણી અને અમિત ચાવડાએ રાજીનામું હાઈકમાન્ડને પરેશકુમાર ધીરજલાલ ધાનાણી એ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સાથે સંકળાયેલા ગુજરાતના ઊંચા ગજાના નેતા છે. તેઓ ગુજરાત વિધાનસભાના વિપક્ષના વર્તમાન નેતા છે.તેઓ ૨૦૧૨થી અમરેલીના ધારાસભ્ય છે. અગાઉ તેમણે ૨૦૦૨થી ૨૦૦૭ દરમિયાન પણ અમરેલીનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી એપ્રિલ ૨૦૦૦માં બી.કોમ. પૂરું કરેલું છે. આ ચૂંટણીમાં પરેશ ધાનાણીના ગઢમાં પણ મોટા ગાબડા પડ્યા છે.

ગુજરાત રાજ્યની ૩૧ જીલ્લા પંચાયત, ૮૧ નગરપાલિકા તથા ૨૩૧ તાલુકા પંચાયતોની રવિવારે ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં મોટાભાગના મતક્ષેત્રોમાં ૬૦ ટકાથી વધુનું રેકોર્ડ બ્રેક મતદાન થયું હતું. ત્યારે સમગ્ર રાજ્યમાં ભાજપનો ભગવો લહેરાઈ રહ્યો છે અને કોંગ્રેસના સૂપડા સાફ થઈ રહ્યાં છે એવામાં મોડાસા નગરપાલિકામાં કોંગ્રેસ પાસેથી વિપક્ષનું પદ છીનવાયું છે. નગરપાલિકાની ચૂંટણીમાં ઓવૈસીની પાર્ટીની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. મોડાસા નગરપાલિકામાં ઓવૈસીની પાર્ટીની ૯ બેઠકો પર જીત થઈ છે.

જ્યારે પાટીદારોના ગઢ ગણતા ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીએ એન્ટ્રી મારી દીધી છે. નોંધનીય છે કે, સમગ્ર રાજ્યમાં ભાજપનો કેસરિયો લહેરાઈ રહ્યો છે એવામાં જ્યારે ઓવૈસીની પાર્ટીએ ૯ બેઠકો પર જીત હાંસલ કરી છે એ એક મોટી વાત કહેવાય. અગાઉ પણ રાજ્યમાં મનપાની ચૂંટણીમાં ઓવૈસીની પાર્ટીએ ૭ બેઠકો પર જીત હાંસલ કરી હતી. ઔવેસીની પાર્ટીએ અમદાવાદ મનપામાં સાત બેઠકો પર જીત મેળવી હતી. જમાલપુર અને મક્તમપુરામાં ૭ બેઠકો પર ઔવેસીની પાર્ટી એઆઈએમઆઈએમએ જીત મેળવી છે.

## રાજીનામા સ્વિકારાતાં ગુજરાત કોંગ્રેસ હાર્દિક પટેલના હવાલે

રાજ્યની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસનો કારમો પરાજય થયો છે. મહાનગરપાલિકાની ચૂંટણીમાં શરમજનક હાર બાદ કોંગ્રેસને તાલુકા અને જિલ્લા પંચાયતો પર આશા હતી. ત્યારે આજે તે આશા ઉપર પણ પાણી ફરી વળ્યું છે. ૨૦૧૫ના વર્ષમાં જિલ્લા અને તાલુકા પંચાયતો પર કોંગ્રેસનો દબદબો હતો. ત્યારે આ વખતે કોંગ્રેસને ત્યાંથી પણ જાકારો મળ્યો છે.

સ્થાનિક સ્વરાજ માટે એવું કહેવાતું હતું કે શહેરી મતદારો ભાજપના છે અને ગ્રામ્ય મતદારો કોંગ્રેસના છે. ત્યારે આ પરિણામોએ આ ધારણા બદલી નાંખી છે. ભાજપનું કોંગ્રેસ મુક્ત ભારતનું સ્વપ્ર જ્યારે પુરુ થાય ત્યાર ખરું, પરતું તે પહેલા કોંગ્રેસ મુક્ત ગુજરાતનું સ્વપન પુરુ થઈ રહ્યું છે. કોંગ્રેસના કારમા પરાજય બાદ ગુજરાત કોંગ્રેસના ટોચના નેતાઓએ રાજીનામા આપ્યા છે. ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડા અને વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ હારની જવાબદારી સ્વીકારીને પોતાના પદ પરથી રાજીનામુ આપ્યું છે. તો આ તરફ કોંગ્રેસ હાઈકમાન્ડે તરત જ આ બંને નેતાઓના રાજીનામાનો સ્વીકાર કર્યો છે.

એટલે હવે એક રીતે જોતા ગુજરાત કોંગ્રેસ તેના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલના હવાલે છે. જ્યાં સુધી કોંગ્રેસ નવા પ્રમુખનું નામ જાહેર ન કરે ત્યાં સુધી કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલ સંગઠનની જવાબદારી સંભાળી શકે છે. આ સિવાય એવું પણ કહી શકાય કે આવનારા થોડા સમયમાં ગુજરાત કોંગ્રેસમાં કેટલાક નવા ચહેરાઓ પણ જોવા મળે તેવી શક્યતા છે.



## અંબાજીમા અંબાના પવિત્ર ધામમાં ૧૧ ગજની ધજા ચડાવાઈ

બનાસકાંઠા જીલ્લાના અંબાજી આરાસુરી અંબામાના પવિત્ર ધામમાં આજે મહા સુદ પુનમના પવિત્ર દિવસે આજે ફરજ બજાવતા જીં ગ્રુપ ૩ ના જવાનો તેમજ સેનાપતિ સાહેબ શ્રી આર.એલ.ડાખરા તથા મદદનીશ સેનાપતિ શ્રી આઈ.વાય.બેદી ના કંપની કમાન્ડરેં શ્રી આર.એમ.ભીલ તથાં જૈ શ્રી આહીર સાહેબના વરદ હસ્તે આજ રોજ મહા સુદ પૂનમના પવિત્ર દિવસે ૧૧ ગજની ધજા ચડાવી અને માં અંબાના આશીર્વાદ લીધા હતા.

# પાલનપુરના ભાજપના તમામ રિપીટ ઉમેદવારો જીત્યા

### મતદારોએ પેનલ પર ભરોસો રાખ્યો, કોંગ્રેસની આબરૂ ૪ અને ૫માં બચી ગઈ
### બન્નેમાં પેનલ જીતી, કોંગ્રેસના ૧૨ સભ્યોમાં ૭ મહિલાઓ જીતી ગઈ

પાલનપુર

પાલનપુરમાં સવારે ૯:૦૦ વાગે જગાણા એન્જિનિયરિંગ કોલેજ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતગણતરીનો આરંભ થયો હતો. સ્ટ્રોંગ રૂમમાં મુકેલા ઈવીએમને એજન્ટો રૂબરૂ ખોલીને પરિણામો ચકાસવામાં આવ્યા હતા. જેમ જેમ પરિણામો જાહેર થતા ગયા તેમ તેમ કોંગ્રેસના નેતાઓના મ્હો મુરઝાતા ગયા હતા. મુખ્ય હાઈવે માર્ગ પર વિજેતા ઉમેદવારોને ફુલહાર પહેરાવવા લોકોની ભારે ભીડથી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ ગઈ હતી.

પાલનપુરના પરિણામે જીતનો નવો અધ્યાય આલેખાયો છે. અહીંની ૪૪ બેઠકોમાં અગાઉ ટિકિટ ફાળવણીમાં સંઘઠને નવા ચહેરાઓને મેદાનમાં ઉતારી સ્થાનિક મુદ્દાઓના બદલે કેન્દ્રીય નેતાગીરીના નિર્ણયો લોકો સામે મુકયા હતા. જે મતદારોને પસંદ આવતા ભાજપના તમામ રિપીટ ઉમેદવારો જીતાડી દીધા હતા. અને ૪૪ બેઠકો પૈકી ૩૨ બેઠકો પર ઝળહળતો વિજય હાંસલ કરતા પાલનપુર ભાજપ છાવણીમાં ખુશી વ્યાપી ગઈ હતી. વિજેતા સભ્યોએ પોતાના સમર્થકો સાથે જગાણા ઈન્જીનીયરિંગ કોલેજથીજ વિજય સરઘસ લઈ ગામમાં પહુચ્યાં હતાં જ્યાં ઠેર ઠેર સહુનું સ્વાગત કરાયું હતું. તો બીજીતરફ કોંગ્રેસને ગત વખત કરતા ૯ બેઠકોનું નુકસાન થયું હતું. આ વખતે ૧૨ બેઠકો પર કોંગ્રેસ આવી હતી જેમાં ૪ અને ૫નંબરના કમિટેડ વોટના લીધે કોંગ્રેસની આબરૂ બચી ગઈ હતી અહીં બન્ને વોર્ડમાં બન્નેમાં પેનલ જીતી હતી.

કોંગ્રેસના ૧૨ સભ્યોમાં ૭ મહિલાઓ જીતી ગઈ છે. જેમાં ગઈ વખતે જીતેલી ૩ મહિલાઓ પુનઃ જીતી છે.



## સમાચાર રફ્તાર

- કોંગ્રેસ હાઈકમાન્ડે અમિત ચાવડા અને પરેશ ધાનાણીનુ રાજીનામુ સ્વીકાર્યુ.
- લોકસભા ટીવી અને રાજ્યસભા ટીવીનું એકત્રિકરણ કરી સંસદ ટીવી કરાયુ.
- વડનગર તાલુકા પંચાયતમાં આપના ઉમેદવારની જીત.
- જીએસટી અને ઈ કોમર્સના પ્રશ્નો માટે પાંચમીથી વ્યાપારીઓનું મહા આંદોલન.
- સાણંદ તાલુકા પંચાયતની પીપર બેઠક ઉપર ગઈકાલે અવસાન પામનાર અપક્ષ ઉમેદવાર લીલાબેન ઠાકોર ચૂંટણી જંગમાં જીતી ગયા.
- અમદાવાદ જિલ્લા પંચાયતમાં ભાજપની જંગી બહુમતી છતાં કોંગ્રેસના પારૂબેન પઢાર પ્રમુખ બનશે.
- વિરાટ કોહલીની ઈન્સ્ટ્રાગ્રામ પર ઐતિહાસિક કમાલ.
- ઈન્સ્ટ્રાગ્રામ પર કોહલીની દસ કરોડ ફોલોઅર.
- શારજહાંથી લખનઉ જઈ રહેલ ઈન્ડિગો ફ્લાઈટમાં યાત્રિકનું વિમાનમાં જ નિધન થતાં કરાચી એરપોર્ટ પર ઈમરજન્સ લેન્ડિંગ.
- મધ્યપ્રદેશના વર્તમાન સાંસદ નંદકુમાર સિંહનું કોરોના વાયરસથી નિધન.
- બંગાળના ટીએમસી ધારાસભ્ય જીતેન્દ્ર તિવારી ભાજપમાં જોડાયા.
- ઔવેસીની પાર્ટીની ગુજરાતમાં એન્ટ્રી, મોડાસામાં નવ બેઠક મળી.
- ગુજરાતમાં કોંગ્રેસી નેતાઓના સગા-સંબંધીઓની કારમી હાર.

## ધાનેરા નગરપાલિકા વોર્ડ નંબર ત્રણની પેટા ચૂંટણી માટે મતદાન યોજાયું

બનાસકાંઠા જિલ્લાના ડીસા પાલનપુર ભાભર સહિત નગરપાલિકાની ચૂંટણીનું આજે મતદાન થઈ રહ્યું છે ત્યારે ધાનેરા નગરપાલિકા વોર્ડ નંબર ત્રણ ની પેટાચૂંટણી નું પણ આજે વહેલી સવારથી જ મતદાન શરૂ થયું છે ખુબ જ ઉત્સાહ સાથે લોકો મતદાન કરી રહ્યા છે તો બીજી તરફ કોઈપણ બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે વોર્ડ નંબર ત્રણ કોંગ્રેસના ઉમેદવારનું અવસાન થતા વોર્ડ નંબર ત્રણ ની સીટ પર પેટાચૂંટણી યોજાઇ હતી અને પેટા ચૂંટણીનું આજે વહેલી સવારથી જ મતદાન શરૂ થયું હતું અને લોકોએ ખૂબ જ શાંતિપૂર્ણ માહોલ મતદાન કર્યુ હતું તો કોરોના ની ગાઈડ લાઈન અનુસાર ફરજીયાત માસ્ક તેમજ સોસીયલ ડિસ્ટન્સનું પણ પાલન કરવામાં આવ્યું હતું અને તંત્ર ધ્વરા પણ મતદારો માટે માસ્ક અને સેનિટાઈઝરની વ્યસ્થા કરવામાં આવી હતી.

# ઈડર તાલુકા પંચાયતમાં કાંટે કી ટક્કર... અંતે કેસરીઓ લહેરાયો...

### ભાજપ ૧૭ કોંગ્રેસ ૧૧ પર બેઠકો પર વિજયી થયા

ઈડર તા.૨

વહેલી સવાર થી હાથ ધરાયેલી મતગણતરી માં આટર્સ અને કોમર્સ કોલેજમાં ઉમેદવારો અને ટેકેદારો સાથે લોકોના ટોળે ટોળા ઉમટ્યા હતા. જેમ જેમ મતગણતરી ઓ પુરી થયે વિજેતા ઉમેદવારો ના ટેકેદારો સાથે અબીલ, ગુલાબની છોળો અને ડીજેના તાલે વિજયી ઝુલુસ કાઢવામાં આવ્યા હતા.

ઈડર તાલુકા પંચાયત માં સવાર થીજ પરિણામ આવતા ભાજપ ,કોંગ્રેસ માં કાંટાની ટક્કર વચ્ચે જામી હતી ,એક ભાજપ એક કોંગ્રેસ ના ઉમેદવારો ની જીતે સાંજ સુધી ક્યાં પક્ષ નો તાજ તાલુકા પંચાયત પર રહશે તે અંત સુધી નક્કી કરવું મુશ્કેલ હતું ત્યારે છેલ્લે છેલ્લે ભાજપે તાલુકા પંચાયત ની ૧૭ બેઠકો પર વિજય મેરવી ભગવો લહેરાયો હતો.

જ્યારે ઈડરની સાતેય જિલ્લા પંચાયત પર ભાજપે જીતી લીધી છે.

**ભાજપ જીતેલી તાલુકા પંચાયત બેઠકો**

બડોલી, એકલારા, ગાંઠીયોલ, મોટકોટડા, ગોરલ, પોશીના, ચાંડપ, વસાઈ, ઓડા, સાબલવાડ, દરામલી, લાલોડા, જવાનપુરા, જાદર, પાનોલ, જશવંતગઢ, ઉમેદગઢ

**કોંગ્રેસ વિજયી મેળવેલ બેઠકો**

અરોડા, દાવડ, ચિત્રોડા, ફિચોડ, ગોલવાડા, મુડેટી, ચોરીવાડ, કડીયાદરા, ભદ્રેસર, કેશરપુરા, સુરપુર

જ્યારે ઈડરમાં જિલ્લા પંચાયતની ૬ બેઠકો પર ભાજપે વિજય મેળવ્યો છે

**ભાજપે જીતેલી જિલ્લા પંચાયત ની બેઠકો**

ગોલવાડા, બડોલી દાવડ, કડીયારા, ગોરલ, જાદર

જ્યારે ૧ કેશરપુરા જિલ્લા પંચાયત ની બેઠક પર કોંગ્રેસ જીત મેળવી. જિલ્લા પંચાયત ની ૬ બેઠકો પર ભાજપે ભગવો લહેરાવ્યો જ્યારે ૧ કેશરપુરા સીટ પર કોંગ્રેસ ઉમેદવારે જીત મેળવી હતી.




## માણસા-વિજાપુર રોડ પરની ગૌશાળામાં સાંજે આગ લાગી

ગાંધીનગર, તા. ૨

માણસા-વિજાપુર રોડ પર આવેલ માણસા મહાજનની ગૌશાળામાં આજે સાંજે એકાએક આગ લાગી હતી જેમાં ઘાસચારાના ગોડાઉનમાં રાખેલ ઘાસચારો બળીને ખાખ થઈ ગયો હતો.

માણસા મહાજન દ્વારા માણસામાં ત્રણ સ્થાનો પર ગૌશાળાનું સંચાલન કરવામાં આવે છે. (૧) માણસા શહેરમાં (૨) માણસા વિજાપુર રોડ પર અને ત્રીજુ ગાયત્રી મંદિરની બાજુમાં ગૌશાળા છે.

માણસા વિજાપુર રોડ પરની ગૌશાળામાં ૩૦૦ થી વધુ પશુઓ હતા પરંતુ કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. આગનું કારણ જાણવા મળી શકેલ નથી. આ આગથી અંદાજે ૧૦ લાખની કિંમતના પૂળા બળી ગયાનું જાણવા મળેલ છે.

# દધાલિયા પંચાયતના કોંગ્રેસના ઉમેદવારને ૧૨ મત પણ ન મળ્યા

અરવલ્લી, તા. ૨

રાજ્યમાં ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતની બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી. આજે (૨ માર્ચ, ૨૦૨૧એ) રાજ્યમાં નગરપાલિકાઓ, તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણીના પરિણામો જાહેર થયા. રાજ્યમાં મહાનગરપાલિકાઓની જેમ જ નગરપાલિકાઓ, તાલુકા અને જિલ્લા પંચાયતોમાં ભાજપની વિજય પતાકા લહેરાઈ ગઈ છે. શહેરોની જેમ ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોંગ્રેસનો સફાયો થઈ ગયો છે.

ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસામાં આવેલા દધાલીયા તાલુકા પંચાયતના કોંગ્રેસના ઉમેદવારને પરિવારના ૧૨ મત પણ નહીં મળતા વિવાદ સર્જાયો છે. અરવલ્લીની દધાલીયા તાલુકા પંચાયતના કોંગ્રેસના ઉમેદવારને પરિવારના ૧૨ મતમાંથી ૧૧ મત મળતા, ઈવીએમમાં છબરડા થયા હોવાનો આક્ષેપ કર્યો છે.

કોંગ્રેસના ઉમેદવારને કોકાપુર ગામમાંથી ૬૨૬માંથી માત્ર ૧૧ મત મળ્યા એટલે ઈવીએમમાં છબરડા થયા હોવાનો આક્ષેપ કર્યો છે. વધુ મળતી માહિતી મુજબ, કોંગ્રેસ ઉમેદવારના ચૂંટણી એજન્ટે જણાવ્યું કે કોકાપુર ગામમાં કોંગ્રેસના ઉમેદવારના ઘરના ૧૨ સભ્યોએ મતદાન કર્યું હતું અને ૧૮૮ જેટલા કોંગ્રેસના કાર્યકરોએ પણ મતદાન કર્યું હતું, પરંતુ આજે ઈવીએમમાં મત ગણતરી દરમિયાન તેમાંથી માત્ર ૧૧ જ મત નીકળ્યા છે. જેથી કોંગ્રેસના ચૂંટણી એજન્ટે ઈવીએમમાં છબરડા થયા હોવાનો આક્ષેપ કર્યો છે.

**સફાયો...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસને ભારે નુકશાન થયુ છે. ભાજપે આજે કમલમ ખાતે વિજયોત્સવ મનાવ્યો છે. ૨૦૧૫માં ભાજપ ત્રણેય મોરચે પાછળ રહી ગયુ હતુ જે આ વખતે તેણે સફળતા મેળવી છે. સર્વત્ર ભગવો લહેરાવા જઈ રહ્યો છે. કોંગ્રેસના પંજા પર ભાજપનુ બુલડોઝર ફરી વળ્યુ છે. અનેક એવા કોંગ્રેસના ગઢ હતા જે ભાજપે ધ્વસ્ત કરી નાખ્યા છે. ગુજરાતની ૩૧ જિલ્લા પંચાયત ૨૩૧ તાલુકા પંચાયત તથા ૮૧ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ૨૩ નગરપાલિકાઓ અને ૩ તાલુકા પંચાયતની પેટાચૂંટણી રવિવારે યોજાઇ હતી. તેમાં તાલુકા પંચાયતોમાં સરેરાશ ૬૬.૮૪ ટકા જેટલું મતદાન થયું હતું. ૨૦૧૫માં ૨૩૧ તાલુકા પંચાયતોની ૪૭૧૫ બેઠકમાંથી કોંગ્રેસને ૨૫૫૫ ભાજપને ૨૦૧૯ અને ૧૪૧ અન્યને મળી હતી.

**ત્રણ રંગમંચ...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાર મહીના સુધી વિલંબમાં પડી હતી. આ રંગમંચમાં સ્ટેજ ,ફલોરીંગ, કલરકામ , કમ્પાઉન્ડ વોલ, પ્લાસ્ટર, પાર્કીંગ અને બગીચા સહીત ઈલેક્ટ્રીફિકેશનની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. ત્રણેય સેકટરોમાં રંગમંચની સુધારણા પાછળ અંદાજિત રૂ ૪.૫૦ કરોડનો ખર્ચ કરાયો છે. જયારે સેકટરોના બગીચાની જેમ રંગમંચ પણ હવે કોર્પોરેશને સોંપી દેવા માટે આગળ પ્રક્રીયા હાથ ધરાશે. રંગમંચની દશા સુધરતા આગામી દિવસોમાં કાર્યક્રમના આયોજન માટે પણ રંગમંચ લોકઉપયોગી બનશે.

**'નવું' થવાના એંધાણ...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ તેજ રીતે ત્રણેક જુથમાં વહેંચાયેલ હોવાનું જણાઈ રહ્યું છે. હાલ તો ભાજપ તેની ઓળખ સમી શિસ્ત બદ્ધતાનો આંચળો આ જુથવાદ પર ઓઢાડવામાં સફળ રહી છે પરંતુ જેમ જેમ ચૂંટણી નજીક આવશે તેમ તેમ આ જુથવાદ વધુ વકરશે તેવુ સ્પષ્ટ જણાઈ રહ્યુ છે. બીજી તરફ શહેરમાં વસતો એક ખાસ વર્ગ પણ શહેર ભાજપની નીતિરીતીથી નારાજ છે જે કોંગ્રેસ પાસે જવા નથી માંગતો પરંતુ એક નવા જ વિકલ્પની તે શોધમાં છે. સુરતની જેમ ગાંધીનગરમાં પણ પગપેસારો કરવાના સ્વપ્ર આમ આદમી પાર્ટી જોઈ રહી છે પરંતુ તેમાં તે બહુ ફાવે તેવું જણાતુ નથી. ગાંધીનગરના આ "ખાસ" વર્ગે અત્યંત ખાનગી રાહે તાજેતરમાં શહેરથી થોડે દૂર એક મોટા ખાનગી ફાર્મ હાઉસ પર બેઠક યોજી હતી અને શહેરમાં ભાજપ-કોંગ્રેસથી અલગ હોય તેવો વિકલ્પ આપવા અંગે ચર્ચા વિચારણા કરી હતી. આ બેઠકમાં શહેરની કેટલાક મોભાદાર અને વગદાર વ્યક્તિઓ પણ સામેલ થઈ હતી જેમણે ગાંધીનગરમાં "નાગરિક સેવક પક્ષ" અથવા "નાગિક વિકાસ સમિતિ" જેવા નેજા હેઠળ શહેરીજનોને ત્રીજો વિકલ્પ આપવા તૈયારી દર્શાવી હતી. જો આ બેઠક અનુસાર ગતિવિધીઓમાં સફળતા મળશે તો નક્કી મનપાની ચૂંટણીઓમાં નવો ચતુષ્કોણીય જંગ મંડાશે.

**ભગવો...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે આ પછી કોંગ્રેસે વળતી લડત આપતાં પાનસરની અનામત બેઠક પર વિજય મેળવ્યો હતો અને મોટી ભોંયણ બેઠક પર પણ વિજય મેળવ્યો હતો. ત્યારબાદ સઈજની બેઠક પર કોંગ્રેસે વિજય મેળવી વળતી લડતના સંકેત આપ્યા હતા.

કલોલમાં સાંતેજની બેઠક પરના પ્રતિષ્ઠાભર્યા જંગમાં કોંગ્રેસના રશ્મિજી ઠાકોરે જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને ચૂંટણી પૂર્વે ભાજપમાં જોડાયેલા રામાજી ઠાકોરને બે હજારથી વધુ મતે પરાજય આપી સૌને ચોંકાવી દીધા હતા.

જો કે માણસામાં ભાજપે ઈટાદરામાં કોંગ્રેસની ૫ હજાર મતની સરસાઈ તોડી ૪ હજાર મતથી વિજય મેળવી પુનઃ કોંગ્રેસ પર વાર કર્યો હતો. આ પછી ચરાડાની બેઠક પર પૂર્વ ચેરમેન કીર્તિબેન પટેલનો ભાજપ સામે પરાજય થયો હતો. લોદરા બેઠક પર પણ ભાજપના કલ્પેશભાઈએ ૪ હજારથી વધુ મતોથી વિજય મેળવી કોંગ્રેસને કારમા પરાજયનો સંકેત આપ્યો હતો.

જો કે મહુડીની બેઠક પર કોંગ્રેસે ૬૧૨ મતની સરસાઈથી વિજય મેળવી વિજયની આશા જગાવી હતી. સોજા બેઠક પર કોંગ્રેસના અજીતસિંહ રાઠોડે ૪૮૩૧ મતે વિજય મેળવી પુનઃ વળતી લડતનો સંકેત આપ્યો હતો. પરંતુ સમૌની બેઠક પર ભાજપે વિજય મેળવી માણસા તાલુકાની પાંચ બેઠકો પર વિજય પતાકા લહેરાવી હતી.

ગાંધીનગર તાલુકામાં પ્રતિષ્ઠાની છાલાની બેઠક કોંગ્રેસે એક હજાર મતની સરસાઈથી જીતી હતી. આ પછી ડભોડાની ૧૫૫૩ મતે, ચિલોડા(ડ)ની બેઠક ૧૪૨૪ મતે કોંગ્રેસે ગુમાવી દીધી હતી.

સાદરાની બેઠક પરનો પ્રતિષ્ઠાભર્યો જંગ ભાજપના દિલીપભાઈ પટેલ જીતી ગયા હતા. તેમણે કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન અને કોંગ્રેસ અગ્રણી અરવિંદસિંહ સોલંકીને ૬૨૭ મતે પરાજય આપ્યો હતો.

સરઢવની બેઠક પર ભાજપાના ઉમેદવાર હંસાબેન પટેલે ૧૯૬૭ મતે કોંગ્રેસને પરાજય આપ્યો હતો. જો કે પ્રથમ રાઉન્ડમાં જ હંસાબેને વિજય લીડ પ્રાપ્ત કરી હતી અને બીજા રાઉન્ડ અને ત્રીજા રાઉન્ડમાં તેમણે ભાજપની લીડને તોડી હતી પરંતુ વિજય સુધી પહોંચી શક્યા ન હતા.

ઉવારસદની બેઠક પર આરોગ્ય સમિતિના પૂર્વ ચેરમેન નરેશજી ઠાકોરનો ભાજપના ભરતજી ઠાકોર ઉર્ફે ભુટ્ટા સરકાર સામે ૧૦૪૦ મતે પરાજય થયો હતો. વલાદ બેઠક પર પણ ભાજપે ૧૮૪૩ મતે વિજય મેળવી પંચાયતમાં ભાજપના ભવ્ય વિજયનો જયઘોષ કર્યો હતો.

## જાહેર ખબર

જનરલ હોસ્પિટલ, ડીસા ખાતે જુદા જુદા વિભાગોમાં મેડીકલ સાધનો સારી રીતે કામ કરી શકે તે માટે આ સાધનોનું વાર્ષિક કેલિબ્રેશન તેમજ એ.એમ.સી. વર્ષ : ૨૦૨૧-૨૨ માટે કરવાનું થાય છે. તો આ માટેની કામગીરી માટે આઉટસોર્સીંગ કરવાનું થતું હોઈ આવી કામગીરી કરવામાં રસ ધરાવતા કંપનીના માલિકો / પેઢી જેવો સરકારશ્રીના નિતિનિયમ મુજબ આવી કામગીરી કરવા લાયસન્સ ધરાવતા હોય તેવી કંપની / પેઢી નીચેના સરનામે જાહેરાત પ્રસિદ્ધ થયે નીચેના દર્શાવેલ તારીખમાં કચેરી સમય દરમિયાન ટેન્ડર ફી રૂ. ૫૦ ભરી લઈ જવા અને આવા ભરેલા ટેન્ડર પોસ્ટ ટપાલ / કુરિયર દ્વારા મોકલી આપવા આથી જણાવવામાં આવે છે. બંધ કવર ઉપર વાર્ષિક કેલિબ્રેશન તેમજ એ.એમ.સી. વર્ષ : ૨૦૨૧-૨૨ના ભાવો એવું લખાણ કરી મોકલવાના રહેશે. ઉક્ત ભાવો રૂબરૂ સ્વીકારવામાં આવશે નહિ. આવેલ ભાવો અધિક્ષકશ્રી કચેરી ખાતે હોસ્પિટલ ખરીદ કમિટિ સમક્ષ તા. ૩૦/૩/૨૧ના રોજ ખોલવામાં આવશે જેની નોંધ લેવી. ભાવો મંજુર કરવા બાબતેની તમામ આખરી સત્તાઓ અધિક્ષકશ્રી, જનરલ હોસ્પિટલ, ડીસાની અબાધિત રહેશે. ભાવ ભરનારે સરકારશ્રીની વખતોવખતની શરતો માન્ય રાખવાની શરતે ભાવો ભરવાના રહેશે. આવા ભાવો તા. ૩૧/૩/૨૦૨૨ એટલે માત્ર ચાલુ નાણાંકીય વર્ષ : ૨૦૨૧-૨૨ પુરતા માન્ય રહેશે. ભાવો મંજુર થયેલ સંસ્થાના નિતિ-નિયમ મુજબ કરાર કરવાના રહેશે. ટેન્ડર ભરનારે સરકારશ્રીની વખતો વખતની શરતો માન્ય રાખવાની શરતે ભાવો ભરવાના રહેશે. જે ઈસમોનો કોન્ટ્રાક્ટ શરત ભંગ થયેથી ભૂતકાળમાં રદ કરવામાં આવેલ છે તેમણે ટેન્ડર ભરવાનું રહેશે નહિ. અન્ય શરતો ટેન્ડર ફોર્મમાં દર્શાવ્યા મુજબની રહેશે.

૧. **ટેન્ડર ફોર્મ મેળવવાની તા. ૮/૩/૨૦૨૧ થી ૨૦/૩/૨૧ સુધી**
૨. **ટેન્ડર ભરી પરત મોકલવાની છેલ્લી તારીખ : ૨૬/૩/૨૦૨૧**
3. **ટેન્ડર ખુલવાની તારીખ : 30/3/૨૦૨૧**

**તારીખ : ૨૬/૨/૨૦૨૧**
**ડીસા, જિ. બનાસકાંઠા**
**નં.નામાનિ/પાલન/૫૪૯/૨૦૨૦-૨૦૨૧**

**સહી/-**
**અધિક્ષક**
**જનરલ હોસ્પિટલ, ડીસા (બ.કા.)**